1. પૃથ્વી સપાટીનું ઘન આવરણ કયા નામે ઓળખાય છે?
- પૃથ્વી સપાટીનું ઘન આવરણ મૃદાવરણના નામે ઓળખાય છે.

2. પૃથ્વી સપાટીથી પૃથ્વીનું કેન્દ્ર કેટલા કિમી ઊંડું છે?
- પૃથ્વી સપાટીથી પૃથ્વીનું કેન્દ્ર લગભગ 6370 કિમી ઊંડું છે.

3. વિશ્વની ઊંડામાં ઊંડી ખાણ કઈ છે? તે કયા ખંડમાં આવેલી છે?
- વિશ્વની ઊંડામાં ઊંડી ખાણ દક્ષિણ આફ્રિકાની 'રોબિન્સ' સોનાની ખાણ છે. તે આફ્રિકા ખંડમાં આવેલી છે.

4. ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત કોણે આપ્યો છે?
- ગુરુત્વાકર્ષણનો સિદ્ધાંત ન્યૂટને આપ્યો છે.

5. મૃદાવરણની સરેરાશ જાડાઈ કેટલા કિમીની છે?
- મૃદાવરણની સરેરાશ જાડાઈ 33 કિમીની છે.

6.સૌરમંડળમાં સજીવસૃષ્ટિ ધરાવતો ગ્રહ કયો છે?
- પૃથ્વી સૌરમંડળમાં સજીવસૃષ્ટિ ધરાવતો ગ્રહ છે.

7.ખનીજ તેલ શોધવા માટે સૌથી વધુ ઊંડાઈ સુધી શારકામ ક્યાં કરવામાં આવ્યું છે?
- ખનીજ તેલ શોધવા માટે આર્કટિક મહાસાગરમાં કોલા ક્ષેત્રમાં સૌથી વધુ ઊંડાઈ 12 કિમી સુધી શારકામ કરવામાં આવ્યું છે.

8. ભૂગર્ભની જાણકારી મેળવવાના સ્રોત કેટલા છે? ક્યા ક્યા?
- ભૂગર્ભની જાણકારી મેળવવાના બે મોત છે :
  (1) પ્રત્યક્ષ સ્રોત અને (2) પરોક્ષ સ્રોત

9. પૃથ્વીની સરેરાશ ઘનતા કેટલી છે?
- પૃથ્વીની સરેરાશ ઘનતા 5.5 ગ્રામ/ ઘન સેમી છે.

10. ઉલ્કાઓમાંથી કઈ ધાતુઓ પ્રાપ્ત થાય છે?
- ઉલકાઓમાંથી લોખંડ અને નિકલ જેવી ભારે ધાતુઓ પ્રાપ્ત થાય છે.

11.ભૂકંપીય મોજાંના પ્રકાર કેટલા છે? કયા કયા?

- ભૂકંપીય મોજાંના ત્રણ પ્રકાર છે : (1) પ્રાથમિક મોજાં (P-Waves), (2) દ્વિતીયક મોજાં (S.Waves) અને (3) પૃષ્ઠીય મોજાં (L-Waves)

12. ભૂગર્ભના બે પેટાવિભાગ કયા છે?

- ભૂગર્ભના બે પેટાવિભાગ છે : (1) બાહ્ય ભૂગર્ભ અને (2) આંતરિક ભૂગર્ભ.